# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-06-2024** **Midday : 2.30 to 2.35**

**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## SACHIVALAY TALIM

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ સચિવાલયના અધિકારી તેમજ કર્મચારીઓ માટે બાગાયત નિયામકની કચેરી દ્વારા બે દિવસીય શહેરી બાગાયત અંગે તાલીમનું આયોજન કરાયું હતું. આ તાલીમમાં આશરે ૧૦૦થી વધુ અધિકારી-કર્મચારીઓએ શહેરી બાગાયત, પ્લગ નર્સરી@હોમ અને કિચન ગાર્ડનની તાલીમ મેળવી હતી. બે દિવસીય તાલીમ દરમિયાન તાલીમાર્થીઓને શહેરી બાગાયતના મહત્વ, નવા સચિવાલય ઇકો ક્લબ, આદર્શ કિચન ગાર્ડન આયોજન અને વ્યવસ્થાપન, હાઈડ્રોપોનીક્સ પરિચય અને વ્યવસ્થાપન સહિતના વિષયો વિશે નિષ્ણાતો દ્વારા માહિતી આપવામાં આવી.

## Mahesana Vavetar Satellite

ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લામાં ચોમાસામાં વાવેતરની ગણતરી સેટેલાઇટથી થશે. જેમાં સર્વેયર, વેરીફાયર અને સુપરવાઈઝર એમ ત્રણ તબક્કાની ટૂકડી કામ કરશે. બીજી બાજુ ગ્રામ સેવકો દ્વારા મેન્યુઅલી પણ વાવેતરની ગણતરી ચાલુ રાખવામાં આવશે. ત્યારબાદ સેટેલાઇટ વાવેતર ગણતરી અને મેન્યુઅલી ગણતરી ડેટાની સરખામણી કરી સેટેલાઇટ ગણતરીની ખરાઈ નક્કી  કરવામાં આવશે. ડીજીટલ ક્રોપ સર્વેનાં અનેક ફાયદા છે. તેનાંથી ખેડૂતોનું પાણી પત્રક  ઓનલાઈન થશે, ખેડૂતલક્ષી યોજનાઓ ઘડવામાં મદદ મળશે અને કુદરતી આપતિથી થયેલા નુકસાનનો સર્વે સચોટ બનશે. આ અંગે પાંચેય  જિલ્લામાં પ્રથમ તબક્કાની તાલીમ આપવામાં આવી છે.

ગયા વર્ષે મહેસાણા તથા અન્ય પાંચ જિલ્લામાં ડીજીટલ ક્રોપ સર્વેનો પાયલટ પ્રોજેકટ સફળ રહ્યો હતો.

## Mahisagar..Fire safety

રાજકોટ ખાતે T.R.P ગેમ ઝોનમાં બનેલી આગની દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકામાં મામલતદાર દ્વારા દ્વારા વિવિધ ટીમોની રચના કરી તાલુકાના તમામ પેટ્રોલ પંપ, હોટલ દુકાનોની તપાસ હાથ ધરવામાં આવી હતી, જેમાં આગ સલામતીનાં સાધનો વસાવવા તથા તેની નિયમ અનુસાર જાળવણી કરવા તાકીદ કરવામાં આવી છે. નિયમ પાલન ન કરનારાઓને નોટિસ આપી કાર્યવાહી કરવામાં આવી છે.

## PANCHMAHAL KHEDUT SALAH

પંચમહાલ જિલ્લાના કૃષિ વિશેષજ્ઞએ આ વખતે ખેડૂતોને ઋતુ આધારીત ખેતી કરવાની સલાહ આપી છે. રાજ્યના હવામાન વિભાગે આ વખતે પંચમહાલ જિલ્લામાં વરસાદ સામાન્ય કરતા 110 ટકા રહેવાનું અનુમાન લગાવ્યું છે. જિલ્લામાં આગામી 20થી 25 જૂન વચ્ચે ચોમાસું વિધિવત્ રીતે પ્રારંભ થઈ શકે છે.

કૃષિ વિશેષજ્ઞએ જણાવ્યું કે, છેલ્લા ચાર વર્ષથી વરસાદનું વલણ બદલાઈ રહ્યું હોવાથી જૂનના વરસાદ બાદ ઋતુ આધારીત ખેતી કરવી જોઈએ.

## DANG RAIN

ડાંગમાં વરસાદનું આગમન થતા સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. ગઈકાલે મોડી સાંજથી સાપુતારા, આહવા, વઘઈ અને સુબીરમાં વરસાદ પડ્યો હતો. આહવામાં 5 મિલિમીટર, વઘઈમાં 3 મિલિમીટર, સુબિરમાં 1 મિલિમીટર જ્યારે સાપુતારમાં 22 મિલીમાટર વરસાદ વરસ્યો હતો. વરસાદને પગલે દક્ષિણ ગુજરાતના વિવિધ ભાગોમાં ગરમીથી રાહત મળી છે.

## Kutch Narmada Canal

કચ્છના રણમાં નર્મદા નહેરના કારણે પાણીની સમસ્યા ભૂતકાળ બની ચૂકી છે. અહીં જોવા મળતા ઘુડખર 43 ડીગ્રી તાપમાન વચ્ચે પણ તરસ છીપાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, વન વિભાગ દ્વારા કરાયેલી પાણીની વ્યવસ્થાના કારણે રણનું ઘરેણું એવા ઘુડખર માટે પાણીની સમસ્યા હલ થઇ છે.

## Bhavnagar Swimming Competition

હિંમતનગર ખાતે યોજાયેલી રાજયકક્ષાની તરણ સ્પર્ધામાં  ભાવનગરની નંદકુંવરબા મહિલા કોલેજની વિદ્યાર્થીની અંજલી યાદવે બીજો નંબર મેળવી રજત ચંદ્રક મેળવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે અંજલી યાદવ જીલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી રાજ્ય કક્ષા માટે પસંદગી પામી હતી. જેમાં રાજયના વિવિધ જીલ્લામાંથી ૩૦થી વધુ વિધાર્થીનાઓએ ભાગ લીધો હતો.

## Chotaudepur drowning death

છોટા ઉદેપુર જીલ્લાનાં કવાંટ તાલુકાનાં સિહાદા ગામનાં કૉઝવે પરથી પસાર થઇ રહેલો એક યુવાન તણાયો હતો. ગઈકાલે સાંજે ઉપરવાસમાં થયેલા ભારે વરસાદને પગલે છોટાઉદેપુરની ધમવણી નદીમાં અચાનક પાણી વધી જતાં કૉઝવે પરથી પસાર થઇ રહેલો યુવક તણાતાં તેની શોધખોળ ચાલી રહી છે. આ જ કોઝવે પરથી પસાર થઇ રહેલા એક વૃધ્ધનું પણ તણાતાં મોત થયું હોવાના અહેવાલ છે.

## Pavagadh accident

મહેસાણાના મહાદેવપુરાના ખેરવા ગામની એક મહિલાનું પાવાગઢ મહાકાળી મંદિરના બસ પાર્કિંગ સ્ટેન્ડમાં અકસ્માતે મૃત્યુ થયું છે. ખેરવાનો રાવળ પરિવાર અન્ય લોકો સાથે ખાનગી લક્ઝરીમાં પાવાગઢ મહાકાળી માતાજીનાં દર્શને આવ્યો હતો.  તેઓ લક્ઝરી બસ પાર્કિંગમાં મૂકી સરકારી બસમાં માચી  સુધી પહોંચવા માટે ડેપોમાં ઉભા હતા, ત્યારે એક એસટી ડ્રાઇવર  વળાંક લઇ બસ પાર્ક કરવા જતા હતા ત્યારે રમીલાબેનને એસટી બસના પાછળનાં ભાગેથી ટક્કર વાગતા નીચે પડતા ઈજાગ્રસ્ત થયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે હાલોલ સરકારી હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જયાં  ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. મહિલાના પતિએ પાવાગઢ પોલીસ મથકમાં એસટી બસના ડ્રાઇવર વિરુધ ફરિયાદ નોંધાવી છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

......................................